## પ્રકરણ ૧૦

## હરિલાલ હર્ષદરાય ધ્રુવ

"સ્વદેશની ભક્તિ એ નિર્વાણ".[1] – હ. હ. ધ્રુવ.

ઇહજીવનાભિમુખ બનેલી આપણી દ્રષ્ટિ સ્વદેશભક્તિને પરમ મોક્ષ તરીકે જોતી થઇ ગઇ હતી એની પરિચાયક આ પંક્તિ છે. એના કવિનાં બે કાવ્ય-પુસ્તકો મળે છે: "કુંજવિહાર" :૧૮૯૫: તથા "પ્રવાસ પુષ્પાંજલિ":૧૯૦૯: હરિલાલની કવિતામાં પ્રગટ થતા ઉત્સાહ જોમ તથા ઝિંદાદિલીને કારણે એ કવિતા પંડિતયુગના કાવ્યપ્રવાહથી અલગ તરી આવે છે અને શૌર્યોત્સાહ-માં રાચતી નર્મકવિતાનું સ્મરણ કરાવે છે. રાષ્ટ્રપ્રેમના પ્રગટીકરણમાં પણ પંડિતયુગની કવિતાની મુદ્રા ઠાવકી રહેતી જણાય છે, જ્યારે શૌર્યત્વથી ઉછળતી હરિલાલની જોમવંતી કવિતા વિશિષ્ટ આસ્વાદ આપી જાય છે. એનો અર્થ અલબત્ત એમ નથી કે હરિલાલની કવિતામાં નિતાંત ઉદ્દામપણું છે. પંડિતયુગના આ કવિની કવિતામાં ઉદ્દામવાદી અને મવાળવાદી બંને પ્રકારના માનસની ઝલક જોવા મળે છે. જોકે, એ બન્નેમાં મુખ્યતા ઉદ્દામ-પણાની છે. પહેલાં ઉદ્દામ માનસનાં ઉદાહરણો તપાસીએ:

"ગુલામ, કાફર, કાયર પદવી હિંદુ કાળા નામે ઠરી!
ભલુ એથી મરવું !!
..નથી રાંકડા, નથી બાયલા, નથી રેવા નિત દાસ સૂજ્યા,
કયમ ગાજિ ન કહિયે.[2]

+ + +

સ્વતંત્રતા માટેની તાલાવેલી હરિલાલની કવિતામાં ધબકે છે:

"સદા દીલ પરતંત્રતા હા! ખુંચે !
સ્વતંત્રતા વિણ રંગ તે કંઇ રૂચે??! "[3]

કેસરરંગે ઘૂમવાના કવિને ઉરકોડ છે:

"હવે શા માટ કરૂં ભગવાં ! બહુ તો સોહું કેસરિયાં!
રમું રંગે ! ઘૂમુ જંગે! સ્વદેશપ્રેમને સંગે !!!" [૪]

નીચેની પંક્તિઓમાં તો નર્મદનું સ્મરણ કરાવે એવો ભાવાવેશ છે:

"ઝટ ઉઠો વીર ગુર્જરો! ઘુમો જંગ રંગે !" [૫]

+ +

"શૂરા સુભટો હો ! રણે રગદોળવાજી !
વ્હેમગઢ તોડવા હો! ધક્કો જશે રોળવાજી! " [૬]

+ +

"એક વાર મેદાન પડ્યા રણ ચડ્યા કે ઘુમવું ઘુમવું." [૭]

હરિલાલના ઉદ્દામ માનસની ઝલક મેળવ્યા પછી એમના મવાળ માનસનો પરિચય મેળવીએ:

"સદા સર્વદા શાંતિપ્રધાન! અમો જાણું નહિ તોફાન !!!
કરિયે માગણી પ્રાર્થનારૂપ, બંડ ફંદ ગણું દુખકૂપ-
એક મંત્ર સ્વદેશપ્રેમ જાણું..." [૮]

ઉપર્યુક્ત પંક્તિઓ કોંગ્રેસના અનુસંધાનમાં લખાયેલી છે. કોંગ્રેસની સ્થાપના પાછળ પાયાનો એક હેતુ સંપૂર્ણ બંધારણીય માર્ગે રાજકીય પ્રવૃત્તિ કરવાનો હતો, અર્થાત્ નમ્ર પ્રાર્થનાઓ અને નરમ વિનવણીઓ :પ્રેયર્સ એન્ડ પીટીશન્સ: દ્વારા કાર્યસિધ્ધિ કરવાનો હતો. એમાં દેખીતી રીતે જ "બંડફંદ" "દુખકૂપ" ગણાય. ઉદ્દામવાદીઓએ પાછળથી જેને "ભીખમંગી નીતિ" :મેન્ડીકન્ટ પોલીસી: કહીને વગોવી હતી તે કોંગ્રેસની આરંભકાલીન નીતિનું ચિહ્ન "કરિયે માગણી પ્રાથનારૂપ..." પંક્તિમાં સ્પષ્ટરીતે જણાઇ આવે છે. હરિલાલના મવાળવાદી માનસનું બીજું ઉદાહરણ રાજહિત તથા પ્રજાહિતના એકત્વની એમને થયેલી પ્રતીતિમાં જોઇ શકાય:

"ઝળહળે શો ભારત ઉદયનો પ્રસંગ !!!
એમાં રાજહિત છે પ્રજાહિત સાથ!
સ્વતંત્રતા શું રાજ્યભક્તિ સંગાથ!" [૯]

સુન્દરમે યથાર્થ જ કહ્યું છે કે "આપણા જાગ્રત થતા જતા તથા વિકસતા જતા રાજકીય જીવનનું પ્રથમ ગાન હરિલાલનું છે." [10] લોર્ડ રિપને અર્પેલા સ્થાનિક સ્વરાજ્યને હરિલાલે જે "ઉત્સાહની તેજી અને ઝલક" સાથે વધાવ્યું છે તેવું અન્ય કોઇ કવિએ વધાવ્યું નથી. લોર્ડ લિટનની દમનકારી નીતિની સરખામણીમાં લોર્ડ રિપને બક્ષેલું સ્થાનિક સ્વરાજ્ય એ કાળના પ્રજાકીય આગેવાનોને લગભગ પૂર્ણ સ્વાતંત્ર્યની પ્રાપ્તિશું અમૃતમીઠું લાગ્યું હતું. સ્થાનિક સ્વરાજ્યની પ્રાપ્તિના પ્રસંગે કવિને "જોન રાજાએ આપેલો મહાન સ્વતંત્રતાનો પટો" મેગ્નાકાર્ટા યાદ આવે છે: "ભૂલ્યા નહીં હજી ઈંગ્રેજો બારસેં પંદર કેરો સુધારો," "અમને મેગ્નાચાર્ટા દીધો ભરતખંડ આભારી કીધો." [11] આજની દ્રષ્ટિએ સ્થાનિક સ્વરાજ્ય વિશેનો આમાં કોઇને અત્યુત્સાહ લાગે, પરંતુ ૧૯મી સદીના સંદર્ભમાં જોતાં એ ઉત્સાહ સાચો લાગે છે. લિટનની જુલમી તથા આપખુદ નીતિના તાજા અનુભવ પછી રિપનની ઉદાર રાજનીતિનો સંસર્ગ પ્રજામાનસને હરખઘેલું બનાવે એમાં આશ્ચર્ય નથી:

"ઝળહળે શો મંગળ ઉજળો પ્રસંગ!
દીપો રૂડો સ્થાનિકસ્વરાજ્યનો રંગ!
..ઝિલો વીરરસના પ્રવાહની માંહ
દુ:ખી નિજ દેશની સાહો બાંહ." [12]

હરિલાલને સ્થાનિક સ્વરાજ્યની મોટામાં મોટી ફલશ્રુતિ "રૈયત રાજકીય કેળવણી સુખદાયિ લે!" એ લાગી છે. સ્થાનિક સ્વરાજ્યની "કળિ ખીલતી" (:સ્થાનિક સ્વરાજ્ય સ્વતંત્રતા, કળિ ખીલતી આપને મળે!":) [13] માં કવિને ભાવિની ઘણી ઉજ્વળ શક્યતાઓ રહેલી જણાય છે. એ કવિની દીર્ઘદ્રષ્ટિ પણ સૂચવે છે:

"રાજસત્તા પાછી મળે, હતિ એક વખત આપ પાસ,
દાઝ જાણિને આ દેશની, આ રિપન ઉજાળે પ્રકાશ રે." [14]

કવિએ એમનાં કાવ્યોમાં વારંવાર સ્પષ્ટ કહ્યું છે કે સ્થાનિક સ્વરાજ્ય રાજતંત્રવિષયક એક કિંમતી કેળવણી છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં

પ્રજાનું પ્રતિનિધિત્વ કરી શકે એવા યોગ્ય પ્રતિનિધિઓ વિશે કવિએ રજૂ કરેલો ખયાલ આજના સંદર્ભમાં પણ ઘટિત કરી શકાય એવો છે: "જી લળ્યે!" "જો હુકમ," "જી હજરત," "હાથ ઉંચા બે બેય" કરનારા સ્વાર્થી "ખુશામતે રોજગાર તાજા"માં ડૂબેલા પ્રજાપ્રતિનિધિઓ કવિને ખપતા નથી:

"ઝૂઝે ન જે નિજ બળે, સિંહ સમ ગાજિ ન ઉઠે,—
રૈયત હક પગતળે, સ્વછંદે જ્યાં કોઇ છુંદે !" [૧૪-અ]

"જે નિજ માન પ્રતાપ દિપાવી આપ પ્રતાપ વધારે" — એવા પ્રતિનિધિઓને કવિ શોધે છે:

"શાણા શેહેરી રે, શૂર સભાસદ સારા,
શોધી આપો રે, નિડર રીતે લડનારા !" [૧૫]

દેશજનોમાં ઉત્સાહોદ્દીપન કરવું એ હરિલાલની કવિતાની મુખ્ય પ્રવૃત્તિ છે. પુરૂષાર્થ ને વીરત્વની ઉપાસના એ એનો પ્રધાન હેતુ છે. ભારતના ગતકાળને સંભારીને કવિએ કવચિત્ નિસાસા મૂકયા છે, પરંતુ પોચટ લાગણી-મયતામાં એ કદી સર્યા નથી. ખુમારી અને ઉમંગની આભા એમની કવિતા ઉપર છપાયેલી જણાય છે. "વ્હેમચવન" નો ગઢ સર કરવાની વાત હોય કે રાજકીય ક્ષેત્રે વધુ અધિકારો પ્રાપ્ત કરવાનો પ્રશ્ન હોય, હરિલાલને યુધ્ધની પરિભાષામાં વાત કરવાનું અનુકૂળ આવ્યું છે. મધ્યકાળના આપણા કવિઓ પ્રભુભક્તિને રણમાં ખેલાતા ખાંડાનું રૂપક આપતા હતા તેનું અહીં સ્મરણ થશે. હરિલાલ લખે છે:—

"ધરતી તજીએ અમે સિપાહી નહિ દઇયે—નહિ દઇયે!!!
..રણે ચરણ રોપ્યો હઠિ પાછા નહિ લઇયે—નહિ લઇયે!" [૧૬]

અન્યત્ર એમણે કહ્યું છે:

"આર્ય ઉત્સાહના અકળિત બળથી, શૂરા રણ વિચરો,
બંધુજન ઉત્સાહ ઉરમાં ધરો.
..ગાજિ ઉઠો ભરિ ફાળ ઘુમો સહૂ, આળસ તજો, ન ડરો." [૧૭]

૧૯મી સદીમાં જ સ્વદેશયજ્ઞમાં ઉંચા સ્વાર્પણો કરવાની લોકોના હરિલાલના માનસમાં ઉદય પામી ચૂકી હતી:

"સહુ સમર્પો શરીર! સ્વદેશી! સ્વદેશ-સુયજ્ઞે ધીર!!!" [૧૮]

સંસારસુધારાકાળ તથા પંડિતયુગની કવિતામાં રાષ્ટ્રીય અસ્મિતાના આવિષ્કરણની "ફોર્મ્યુલા" લગભગ એક જણાય છે. શૌર્યોદબોધન કરવું, શસ્ત્રો ઝૂંટવી લીધાં તેનો અફસોસ વ્યકત કરવો, મંડળી મળવાથી થતા લાભો જણાવવા, ભારતના ભૂતકાળ અને વર્તમાન વચ્ચેનું વૈષમ્ય પ્રગટ કરવું, એકતાભર્યા પુરૂષાર્થ દ્વારા દેશને બેઠો કરવો, ઇ. મનોભાવો ઉભયયુગના સાહિત્યકારોએ સેવેલા છે. પંડિતયુગની કવિતામાં, જો કે, અભિવ્યકિતની સફાઇ નર્મદયુગ કરતાં વિશેષ જણાય છે. સ્થાનિક સ્વરાજ્ય, કોંગ્રેસ, ભારતભૂમિની મૈયા તરીકે પૂજા જેવા કેટલાક વિષયો પણ કાળક્રમે પંડિતયુગમાં ઉમેરાયા છે. કોઇ વિષયમાં તો નવો અભિગમ જોવા મળે છે. ઉદાહરણ તરીકે, નર્મદયુગના લેખકોએ ગણતર અપવાદ બાદ કરતાં, અંગ્રેજોએ સ્થાપેલા શાંતિ અને કાયદાના સામ્રાજ્યની અહોભાવપૂર્ણ પ્રશસ્તિઓ સકારણ જ કરી છે. પરંતુ જેવી એ શાંતિ તથા વાહન-વ્યવહારાદિની સગવડો કોઠે પડી ગઇ તેવી જ આ શાંતિની નિષ્પ્રાણતા તથા દેશને ચેતનવંત બનાવવામાં એની બાધકતા શિક્ષિતજનોને સમજાવા લાગી. હરિલાલે એ વિશે લખ્યું:

"મળયાં તાર, ને ટપાલ, ગાડી આગની રે!
સઘળે શાંતિ -હાં હાં રે સઘળે શાંતિ, છતાં સુખ,
ન ભાગે ભૂખ !!! [illegible] પીડે દુ:ખ!"[19]

વ્યાકરણગ્રંથનું જેમ ભૂખ્યો માણસ ભોજન કરી શકતો નથી, તેમ નર્યું શાંતિ-સુખ પ્રજાની પેટની ભૂખ ભાંગી શકવાનું નથી કે નથી પ્રજાનાં અન્ય દુ:ખોને ટાળી શકવાનું, એ વિચાર હવે સ્પષ્ટ થઇ ચૂકયો હતો. એટલે જ, અંગ્રેજોના રાજ્યમાં "સુખે રહેવું અને ભૂખે મરવું" એવી કહેવત પ્રચલિત થઇ હશે. વાહન-વ્યવહારનાં નવાં સાધનોથી પ્રજાની સુખસગવડો સચવાતી હતી એ વાત સાચી, પરંતુ એ જ સુવિધાઓને કારણે અંગ્રેજોની "સામ્રાજ્ય સુરક્ષાની સગવડ" પણ સચવાતી હતી તે ભૂલવા જેવું નથી.

અંગ્રેજોના સંપર્કના આરંભમાં એ વિદેશી રાજ્યકર્તાઓ ખૂબ રૂડા લાગતા હતા, પાછળથીયે કાંઇ ભૂંડા તો નથી લાગ્યા, પરંતુ એમ છતાં એમના રાજ્યમાં ઓછપનો અનુભવ કરતા કેટલા થઇ ગયા હતા: "પરદેશી રૂડો

તોય ઉણો!!!" ૨૦. ભારતમાં એક અલગ જ ન્યાત બની રહેનાર તથા પોતાનું પરદેશીપણું સભાનતાપૂર્વક ટકાવી રાખનાર અંગ્રેજો- પરદેશીઓ અહીં રાજ્ય કરતા હતા એ ઘટના રાષ્ટ્રીય અસ્મિતાના ઉદ્ભવમાં સહાયભૂત બની છે. ૧૮૫૭ના બળવા પછી દેશવાસીઓ પાસેથી શસ્ત્રો ઝૂંટવી લીધાં હતાં, એની ગ્લાનિ ૧૯મી સદીના લગભગ બધા જ કવિઓએ અનુભવી છે. એટલે શસ્ત્રની ખોટનું સાટું કવિ કલમ પાસે વળાવવા માગે છે: *Pen is mightier than sword,* એ વિચારે:

"નિજ શસ્ત્ર અસ્ત્ર લિધાં ઝુંટી, નિજ વસ્ત્ર વસ્ત રહી લુંટી!!!
કરો કલમ કડક તલવારશી! સજો વાણી તોપ બંદુક રૂડી!"૨૧

કવિ લડવાની વાત વારંવાર કરે છે. પણ એ યુધ્ધ સ્વદેશની સમૃધ્ધિ અર્થે લડવાનું છે. એમાં પારકાંના દમનને, વેરઝેરને તથા ફૂલણજીવેડાને સ્થાન ન હોય એવી ઉદાર ભાવના કવિએ વ્યક્ત કરી છે. પ્રવર્તમાન સદીમાં ગાંધીજી તથા એમના રાજકીય વારસદાર જવાહરલાલે પ્રબોધેલી આવી ભાવનાનો ઇશારો હરિલાલ ૧૯મી સદીમાં આપી શક્યા છે તે ઘટના કવિ પ્રત્યે માન પ્રેરે એવી છે. દ્રષ્ટિની આવી સાત્ત્વિકતાને ભારતીય સંસ્કૃતિના એક વારસા તરીકે પણ જોઇ શકાય:

"લડવું છે નહિ વૈર વાળવા, મુલક મેળવી ફૂલાવા,-
નબળાંને દમીને !
હરિ હરિ એ લડવું ભલું મરવું! સ્વદેશાર્થે લડવું હાવાં!!"૨૨

હરિલાલની કવિ તરીકેની એક વિશેષતા કોંગ્રેસ અંગેનાં એમનાં ગીતોમાં જોઇ શકાય. કોંગ્રેસની સ્થાપના પછી રાષ્ટ્રીય અસ્મિતાનાં ગીતો રચવાની ભાવસામગ્રી વધી હતી, એનું એક ઉદાહરણ પ્રસ્તુત કૃતિઓ દ્વારા સાંપડે છે. +"ભારત જયંતી ગીતાવલિ" : કોંગ્રેસ અંગેનાં કાવ્યો:

---

+મહારાજા સયાજીરાવના વડોદરા રાજ્યના પ્રતિનિધિ :ડેલીગેટ: તરીકે ૧૮૮૯માં ભરૂચમાં મળનાર કોંગ્રેસની એક સભામાં વડોદરાના જ એક અમલદાર હરિલાલ હાજરી આપનાર હતા. દેશી રજવાડાના એક અમલદાર કોંગ્રેસની સભામાં ડેલીગેટ તરીકે હાજરી આપે એ સામે વડોદરાના અંગ્રેજ રેસિડેન્ટે વાંધો લીધો હતો. એ વાંધાને પરિણામે હરિલાલે ડેલીગેટ તરીકે નહિ, પણ સામાન્ય પ્રેક્ષક તરીકે હાજરી આપવી એવો તોડ કાઢવામાં આવ્યો હતો.

કોંગ્રેસના સ્થાપક હ્યુમને અર્પણ કરવામાં આવેલ છે. "કોંગ્રેસરૂપી ગંગા"ના અવતરણે દેશના રાજકીય દૃષ્ટિએ જાગૃત એવા શિક્ષિતજનોમાં જે ઉત્સાહ જગવ્યો હતો તેનો પડઘો હરિલાલનાં કોંગ્રેસ વિશેનાં ગીતોમાં પડયો છેઃ

"ઉતરી, વિચરી દિશા દશે એ, પ્રજાપરિષદી ગંગા,
રેલાવે, ફેલાવે મંગળ ઉજ્વળ ધવળ તરંગા !!!
હરે હો ઉજ્વળ તરંગા – " ૨૩

ભાવોદ્રેકથી ઉછળતું તથા જોમવંત ભાષામાં લખાયેલું એમનું "કોન્ગ્રેસ નાવિકોનું ગીત" પ્રસિધ્ધ બન્યું હતું:

"હલેંસાં, હલેંસાં, હલેંસાં, હલેંસાં !
ધસો હાં! ખસો ના! ખલાસી હલેસાં !
..વ્હાણ ચડયું ખરાબે ખરાબે હલેસાં !
..મોજાં મારે ઉછાળા આ ચાલ્યા હલેસાં
કકડે કડડડ પાટીઆં આ ચાલ્યા હલેસાં!" ૨૪

દેશજીવનમાં આવતી વિપત્તિઓનો ખુમારીપૂર્વક સામનો કરવાનો મનોભાવ સેવતાં આ પ્રકારનાં કાવ્યોના સંદર્ભમાં શ્રી. રા. વિ. પાઠકનું એક વિધાન યાદ કરવા જેવું છેઃ "... દેશભાવનાના ઉત્સાહને લીધે આપણી સમસ્ત જીવનકિલસૂકી વધારે ઉત્સાહી કાર્યોન્મુખ અને પુરુષાર્થી બનેલી છે."૨૫ ગઇ સદીના બધા જ કવિઓને સંગઠિત સમૂહપ્રવૃતિની અસરકારકતા સમજાઇ ચૂકી હતી. કોંગ્રેસની પ્રવૃત્તિનું મૂલ્ય એ કારણે પણ એમને વસ્યું હતું:

"એકની દાદ ફરિયાદ પર નહિ, આપે કો લક્ષ કે કાન!
જૂથ મળી, ધન ગાજે પ્રજાસિંહ, ધુધવે, ધરે શું ન ધ્યાન રે!?!"

ગાંધીયુગનો કવિ લખતો હોય એવી અદ્યતનતાથી દીનજનોનાં દુઃખો વિશે હરિલાલે લખ્યું છે.+ કોંગ્રેસનું એક કાર્ય ગરીબાઇનાં દુઃખો દૂર કરવાનું એમને જણાયું હતું. કોંગ્રેસના કાર્યને આવા હેતુઓસર મદદરૂપ થવાનું માટેતો

---

+ એવી જ અદ્યતનતા લશ્કરી તાલીમ વિશેના એમના વિચારોમાં જણાશે. એ જમાનાના કેટલાક જાગૃત વિચારકોની જેમ રા. બ. હરિલાલ માનતા હતા કે દેશી રજવાડાઓનું લશ્કર સુધારવું જોઇએ તથા હિંદીઓને લશ્કરી તાલીમ આપવી જોઇએ.

એમને ઇષ્ટ જણાયું હતું: "ભારતસમાજે હો ચાલો રે સ્વદેશની સેવા તે કરવા." [26] હરિલાલના દીનજનવાત્સલ્ય ઉપર દરિદ્રનારાયણની સેવા કરવાનો આદેશ આપનાર સ્વામી વિવેકાનંદની અસર હોય તે સંભવિત છે. :હરિલાલની શોષિતો પ્રત્યેની સહાનુભૂતિ દર્શાવતી ઉદાહરણરૂપ પંક્તિઓ દલિતપ્રેમનાં કાવ્યો વિશેના પ્રકરણમાં નોંધવામાં આવી છે.:

હરિલાલની કવિતામાં વીરરસનું પ્રાધાન્ય છે. પણ ક્યારેક કરુણનો આલેખ જોવા મળે છે. "અમો દાઝું દિલે દર્દ"- અમારી હિંદ આજારી!"[27] ભારતના ગૌરવવંતા ગતકાળના જાણકાર કવિને જ્યારે વર્તમાનની અવદશાને ચીતરવાનો વારો આવે ત્યારે સ્વાભાવિક રીતે જ એના હૃદયમાં ક્રંદન જાગે છે:

"શા હતા આપણા હાલ, હાલ લડથડિયા !
મેરૂ શૃંગેથિ સળંગ ભગ થઇ પડિયા !" [28]

આમાંનો "હાલ" વિશેનો શ્લેષ "સહસ્ત્રલિંગ તળાવને કાંઠેથી પાટણ" માં નરસિંહરાવે કરેલા એવા જ શ્લેષની સ્મૃતિ પ્રેરશે. વળી, "મેરૂ શૃંગેથિ સળંગ ભગ થઇ પડિયા!" એ પંક્તિ સાંભળતાં જ ઉચ્ચોચ્ચ સ્થાનેથી નીચે ઊંડી ગર્તમાં થતા વિનિપાતનું ચિત્ર સહજ રીતે સ્પષ્ટ થાય છે... દેશ પરવશ હોય ત્યારે જીવનના આનંદપ્રમોદમાં દિલ કઇ રીતે ખૂંચે? "હોરીવિલાસ વૈરાગ્ય" માં કવિ શોકનો સઘન ભાવ સર્જે છે:

"ખેલું કેઇ પેરે હિંદે હાલ હોરી, પરવશતાગ્નિ હઇયે જ્યોરી!
... શોક સઘન સજ્યોરી !"

પરતંત્રાવસ્થામાં રાષ્ટ્રજીવનના અન્યથા મુક્ત રીતે વહેવા જોઇતા સ્રોતમાં બાધાઓ ઊભી થાય છે. વિવિધક્ષેત્રે પ્રગટવા મથતી રાષ્ટ્રની સર્જકશક્તિ પૂર્ણપણે પાંગરી શકતી નથી. એ રીતે કુંઠિત થતા રાષ્ટ્રજીવન માટેનો શોક-ભાવ હરિલાલે ધારણ કર્યો છે. જીવનના ઉલ્લાસને ખુદ કવિ જ મોકળે મને વધામણાં અર્પી ન શકે એ ઓછી કરુણ પરિસ્થિતિ ન કહેવાય.

હરિલાલનું માનસ એમની સદીના કવિઓની જેમ આર્યતાપ્રેમી છે. "આર્ય ઉદય-વસંત ભયો રી!" "આર્ય ઉત્સાહના અકળિત બળથી", "ભસ્મ

આર્યતા હાય!.." [29] જેવા ઉલ્લેખોથી એ સમજાય છે. "પૃથુરાજના પાણીપતની હોરી" માં કવિએ લખ્યું છે: "હરદમ લાવ્યા હુમલ્લા મુસલ્લા હાર પામ્યા ઘોરી ઘોરી". [30] આમાં કવિને પૃથ્વીરાજનાં વીર કર્મો માટે અભિમાન થતું હોય એવું જણાય છે. ભારતના પુનર્જાગૃતિકાળ દરમિયાન આધુનિક રાષ્ટ્રવાદનો પાયો સામાન્ય ધર્મ તથા સામાન્ય ઐતિહાસિક - સાંસ્કૃતિક પરંપરાઓમાં નખાયો હતો. એને પરિણામે, એક હિંદુ અને એક મુસ્લીમની સમક્ષ રાષ્ટ્રીય ગૌરવના ખયાલો જુદા જુદા રહયા હતા. શાહબુદ્દીન ઘોરીના વિજયમાં મુસ્લીમો ગૌરવનો અનુભવ સામાન્યત: કરે, જ્યારે હિંદુઓ ગ્લાનિનો. મહમદ ગઝનવી, અલ્લાઉદ્દીન ખીલજી, ઔરંગઝેબ વગેરે મુસ્લીમો માટે સામાન્યત: વીર પુરૂષો બની રહે, જ્યારે હિંદુઓ માટે એમનું સ્મરણ ગ્લાનિપ્રેરક બને. હિંદુઓ માટે રાણા પ્રતાપ, શિવાજી, ગુરૂ ગોવિંદસિંહ ઇ. પ્રેરણાદાયક રાષ્ટ્રપુરૂષો બની રહે, જ્યારે મુસ્લીમોને એમનું સ્મરણ કટુતાપ્રેરક બને. ગુજરાતના કવિઓએ જ શિવાજી, પૃથ્વીરાજ, રાણા પ્રતાપ તથા મેવાડના અન્ય રાજપૂત વીરોનું ગૌરવગાન ગાયું છે એવું નથી. બંકિમચંદ્ર ચેટરજીની ઐતિહાસિક નવલકથાઓ રાજપૂતોએ મુસ્લીમોને આપેલા નામોશીભર્યાં પરાજયોનાં પ્રસંગચિત્રણોથી ભરેલી છે. વિશ્વ માનવતાવાદના એક મહાન પુરસ્કર્તા ટાગોર સંકુચિત રાષ્ટ્રવાદના વિરોધી હતા તે જાણીતું છે. એમણે પણ ભારતીય સાહિત્યમાં જોટો ન મળે એવી ઊર્મિ-ઉદ્રેકથી ભરેલી કવિતાઓ શિવાજી, ગુરુ ગોવિન્દસિંહ, બંદા+ તથા અન્ય રાજપૂત વીરપુરૂષો વિશે લખી છે. પરંતુ રવીન્દ્રનાથે હૃદયની આવી આર્દ્ર ઊર્મિઓથી કોઇ મુસ્લીમ વીરને અભિષિકત કર્યો હોય તેવું જાણવામાં નથી. [31] હરિલાલની આર્યતાપ્રીતિના સંદર્ભમાં આ ચર્ચા કરવાના બે હેતુઓ છે.

:૧: એક તો એ કે ૧૯મી સદીમાં શુધ્ધ ભારતીય નવોત્થાન જેવું કોઇ આંદોલન ઊઠયું નહોતું. જે નવોત્થાન થયું તે સ્પષ્ટરીતે હિંદુતાના રંગવાળું હતું. એ સમયગાળા દરમિયાન રચાયેલી કવિતા દ્વારા પણ એની પ્રતીતિ

---

\+ મેઘાણીએ ટાગોરના બંદા વિશેના કાવ્યનું ભાષાંતર "વીર બંદો" નામે "યુગવંદના" માં આપ્યું છે.

થાય છે. "દિનકર" કહે છે એમ, "રાજનીતિ કે મુખ સે ઝૂઠ બોલી જા સકતી હૈ... કિન્તુ, કવિ કી લેખિની અસત્યકા સમર્થન નહીં કર સકતી. કવિતા કવિકી હૃદયકી અનુભૂતિ હોતી હૈ ઔર ઇસ અનુભૂતિકી સામગ્રી સીધે સમાજ કે ભીતર સે આતી હૈ."[32] માનવસમાજના અન્તર્દ્વન્દ્વોની સૌથી વધુ નિકટ કદાચ કવિતા હોય છે. આમ કહીને દિનકર ઉમેરે છે કે :પૂર્વ: ઇકબાલ તથા ટાગોરે સામાસિક સંસ્કૃતિનાં ગીતો ગાયાં છે. બન્નેએ સામાસિક સંસ્કૃતિનો પક્ષ કર્યો છે. પરંતુ બન્ને સામાસિક સંસ્કૃતિની અનુભૂતિને કેટલે અંશે મુખરિત કરી શકયા છે? જેટલે અંશે સમાજમાં સામાસિક સંસ્કૃતિની અનુભૂતિ અસ્તિત્વ ધરાવતી હતી તેટલે અંશે એ બન્ને એને ગાઇ શકયા છે. એથી વિશેષ નહિ. તાત્પર્ય કે, નર્મદ તથા હરિલાલ જેવા કવિઓ આર્યતાનું જ્યારે ગૌરવ કરે છે ત્યારે સમાજહૃદયની તદ્વિષયક અનુભૂતિને વાચા આપવાનો પ્રયાસ કરી રહયા હોય છે. તીવ્ર સમાજાભિમુખતા ધરાવતા ૧૯મી સદીના ગુજરાતી કવિઓની કવિતામાંથી, ખરી રીતે તો, સમાજની ચેતનાની દિશાનો ખયાલ મળે છે. :ર: સમાજહૃદયનાં આંતરસંચલનોને પ્રામાણિક વાચા આપનાર એ કવિઓને "હિંદુત્વવાદીઓ" :સંકુચિતતાના અર્થમાં, કેમ જાણે"હિંદુ" નામ સંકુચિતતા! : કહેવાનો લોભ જો આજે જાગી ઊઠતો હોય તો એટલુ જ કહીશું કે વિષયનો અભ્યાસ કરવાનો એ શાસ્ત્રીય અભિગમ નથી. વળી, આવી ચર્ચા કરતી વેળાએ દરેક સ્થળે એ હકીકત નિર્દેશાયેલી છે કે, ગઇ સદીના ગુજરાતી કવિએ મુસ્લીમો માટે જો "ભાઇ-ભાઇ" જેવો ઉમળકો નહોતો અનુભવ્યો, તો એમના પ્રત્યે અંધ વિદ્વેષ પણ નહિ. દેશોદય અર્થે સર્વ ભારતીયજનોનો- પછી ગમે તે ધર્મના- સાથસહકાર એને અભીષ્ટ હતો. એટલે જ, દેશહિતચિંતા કરતી વેળાએ હરિલાલ "પાંચે રે વર્ણો" :હિંદુ, મુસલમાન, પારસી, યુરોપિયન અને યુરેશિયન: ને નજરમાં એકી સાથે રાખી શકયા છે.

હરિલાલ ધ્રુવે ઇ.સ.૧૮૮૯માં વડોદરાના મહારાજાના પ્રતિનિધિ તરીકે સ્ટોકહોમમાં ભરાયેલી આઠમી ઇન્ટરનેશનલ કોંગ્રેસ ઓફ ઓરિએન્ટાલિસ્ટ્સની બેઠકમાં હાજરી આપી હતી. તે સમયે રચાયેલી કવિતા, કવિનું

મૃત્યુ ૪૦ વર્ષની કાચી વયે ૧૮૯૬માં થતાં, પહેલીવાર રચાઇ હતી એ સ્વરૂપે જ "પ્રવાસપુષ્પાંજલિ" :૧૯૦૯:માં પ્રસિધ્ધ થઇ છે. પરદેશનાં સ્થળો-પરદેશનું પ્રકૃતિસૌંદર્ય જોતી વેળાએ કવિને ભારતની યાદ આવે છે. તે ઘટના દેશ પ્રત્યેની એમની દૃઢ લગની બતાવે છે. કવિના ચિત્તમાં ભારતની મૂર્તિ કેવી સતત રમમાણ રહી હશે! પરદેશની સુખસમૃધ્ધિ નિહાળતી વેળાએ આવા કવિને ભારતનું દુ:દારિદ્ર, વેદના ન જન્માવે તો જ આશ્ચર્ય. "સ્વીસ વનસ્પતિ દર્શન" કરીને કવિ લખે છે:

"સુધન્ય ભૂમિ સ્વીસ આ લડાવતી
કિશોરી દેવી રસિલી રમાડતી
સુગૂર્જરીની ભૂમિની બ્હેની તું હસે
સદા સ્વતન્ત્રા તું! હું ભૂમિને હિસે!?!" :પૃ. ૩૩:

સ્વીસ ભૂમિમાં કવિને વિવિધ પ્રાંતોથી શોભતો વિશાળભારતદેશ યાદ આવે છે. ભારતના પ્રાંતો :"રસિલી ગૂર્જરી", "મધુરી સોરઠી", "મીઠી મરાઠી" વ.: તથા પર્વતોની એક નામાવલિ જ કવિએ અહીં આગળ ધરી દીધી છે.

ભારતમૈયા પ્રત્યે કવિને દૃઢ મમત્વ છે: "એ ભૂમિ અમારી, મૈયા અમારી, કોણ અવર કહેશે નિજની?" [33] હિંદની હિતચિંતા કવિચિત્તે સદાને માટે વસેલી છે. કવિની રાષ્ટ્રીય અસ્મિતાના નીચેના હૃદયસ્પર્શી ઉદગારો જ એની સાખ પૂરશે:

"મારી હિંદને કોણ ઉધ્ધારે?
કોણ કોણ એને ઉર ધારે રે!" [34]

હરિલાલ ધ્રુવે તો ભારતભૂમિને જતનપૂર્વક ઉરે ધારેલી જ છે.

હરિલાલની કવિતામાં રાષ્ટ્રીય અસ્મિતાનાં આવિષ્કરણો વિવિધ-રૂપે થયેલાં જણાય છે. ક્યારેક મવાળ તો બહુધા જહાલરૂપે, ક્યારેક સ્થાનિક સ્વરાજ્ય માટેના ઉમળકારૂપે તો વળી કયારેક કોંગ્રેસપ્રીતિ રૂપે; કવચિત્ આર્યતાની ઉપાસના રૂપે તો કવચિત્ દીનજનવાત્સલ્યરૂપે, કવચિત્ બ્રિટિશ અમલે બક્ષેલી શાંતિની પોકળતા ખુલ્લી પાડતી ઝીણી વિચારણારૂપે,-

એકંદરે, ખમીરવંત પુરુષાર્થપ્રવૃત્ત દેશભક્તિરૂપે હરિલાલની રાષ્ટ્રીય અસ્મિતાનાં આવિષ્કરણો થયેલાં છે.

---

## સંદર્ભ

નોંધ: હરિલાલે "કુંજવિહાર"ની કવિતાને અલગ અલગ વિભાગોમાં વહેંચીને પ્રત્યેકને જુદું શીર્ષક આપેલ છે. નીચે વિભાગવાર પૃષ્ઠાંકો નોંધ્યા છે:


૧. "સ્વરાજ્યજયંતીગીતાવલિ", પૃ. ૫
૨. "શૂરતરંગિણી", પૃ. ૧-૨
૩. "ભારતદુઃખાર્સિચિંતામણિ", પૃ. ૫
૪. એ જ
૫. "પ્રજાધનગર્જન", પૃ. ૯
૬. "ભારતજયંતીગીતાવલિ", પૃ. ૭
૭. જુઓ નં. ૨, પૃ. ૭
૮. જુઓ નં. ૫, પૃ. ૩-૪
૯. એ જ, પૃ. ૬
૧૦. "અર્વાચીન કવિતા", પૃ. ૨૨૨
૧૧. નં. ૧, પૃ. ૧૩
૧૨. એ જ, પૃ. ૪-૫
૧૩. એ જ, પૃ. ૨
૧૪. એ જ, પૃ. ૮
૧૪-અ: એ જ, પૃ. ૬
૧૫. એ જ, પૃ. ૫
૧૬. નં. ૨, પૃ. ૩
૧૭. નં. ૧, પૃ. ૭
૧૮. એ જ, પૃ. ૫
૧૯. એ જ, પૃ. ૪
૨૦. નં. ૫, પૃ. ૭

૨૧. એ જ, પૃ. ૮

૨૨. નં. ૨, પૃ. ૮

૨૩. નં. ૬, ખંડ બીજો

૨૪. એ જ, પૃ. ૭-૮

૨૫. "અર્વાચીન કાવ્યસાહિત્યનાં વહેણો", પૃ. ૧૬૩

૨૬. નં. ૬, પૃ. ૫

૨૭. નં. ૩, પૃ. ૧

૨૮. નં. ૨, પૃ. ૧૨

૨૯. અનુક્રમે – નં. ૨, પૃ. ૧૭; નં. ૧, પૃ. ૭, નં. ૨, પૃ. ૬

૩૦ નં. ૨, પૃ. ૨૧

૩૧: સંદર્ભ ૩૦ પછીનું તથા સંદર્ભ ૩૧ સુધીનું મોટાભાગનું લખાણ, ડૉ. આર. સી. મજુમદારના પુસ્તક " Three Phases of India's struggle for freedom " ના પહેલા પ્રકરણને આધારે તૈયાર કર્યું છે.

૩૨. "સંસ્કૃતિ કે ચાર અધ્યાય", પૃ. ૬૯૮, રામધારી સિંહ, "દિનકર"

૩૩. નં. ૨, પૃ. ૧

૩૪. નં. ૩, પૃ. ૫.